રાજ્યમાં કોરોનાના કેસ ફરી દસ હજારને પાર

સાજા થવાનો દર પણ ઘટીને ૯૨.૦૪ ટકા થયો : રાજ્યમાં ૬૩૬૧૦ એક્ટિવ કેસ છે, પૈકી ૮૩ નાગરિકો વેન્ટિલેટર પર છે અને ૬૩૫૨૭ નાગરિકો સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં આજે કોરોનાના નવા ૧૦,૧૫૦ કેસ નોંધાયા. આજે ૬,૦૯૬ દર્દીઓ સાજા થયા અત્યાર સુધીમાં ૮,૫૨,૪૭૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી. જેના પગલે કોરોનાથી સાજા થવાનો દર પણ ઘટીને૯૨.૦૪ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર હાલમાં કોરોનાના રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૧,૩૮,૫૩૬ રસીના ડોઝ અપાયા હતા.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૬૩૬૧૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૮૩ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૬૩૫૨૭ નાગરિકો સ્ટેબલ છે. ૮,૫૨,૪૭૧ નાગરિકો અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૧૫૯ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૮ નાગરિકોનાં મોત થયા હતા. અમદાવાદ કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશન ૧, રાજકોટ કોર્પોરેશન ૨, ભાવનગર કોર્પોરેશન ૨ અને તાપીમાં ૧ નાગરિકનું મોત થયું છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૭ને પ્રથમ ૧૨૪ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૨૦૭૯ ને રસીનો પ્રથમ ૯૧૦૮ નાગરિકોને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૧૨૩૫ને પ્રથમ૨૪૬૧૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૬૬૬૪૮ રસીના ડોઝ અપાયા હતા. આ ઉપરાંત ૧૪૭૧૬ રસીના પ્રિકોર્શન ડોઝ અપાયા હતા. ૧,૩૮,૫૩૬ કુલ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં ૯,૪૭,૯૮,૮૧૮ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

પંચાયતના સભ્યોને ભાજપના સંગઠ્ઠને બરાબરના તતડાવ્યા હોવાથી સભ્યો નિરાશ-નારાજ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ડી.ડી.ઓ.ની ગ્રાન્ટ પરત ખેંચવાના નિર્ણયને પગલે ભાજપના જિલ્લા સંગઠ્ઠને તેના સભ્યોને બોલાવીને બરાબરનો ઉધડો લઈ અને કડક ચીમકી આપ્યાની વાતોએ રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

જિલ્લા પંચાયતની ૧૨મીએ મળેલ સામાન્ય સભામાં પંચાયત પ્રમુખ અને ડી.ડી.ઓ.ને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ પરત લેવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ સભામાં ભાજપના સભ્યોએ વિપક્ષની ભૂમિકા ભજવી હોવાના અખબારી અહેવાલો પણ પ્રકાશિત થયા હતા.

આ પછી હરકતમાં આવેલા ભાજપના સંગઠ્ઠને આખી વાતને હાથ પર લઈ પંચાયતના સભ્યોને તેડુ મોકલી અને બોલાવ્યા હતા. સભ્યોને સપ્ત ઠપકો અને કડક ચીમકી આપવામાં આવી હતી. જિલ્લા પંચાયતના વિશે કોઈપણ વહીવટીય નિર્ણયોની ટીકાઓથી અળગા રહેવાની તાકીદ કરવામાં આવી છે.

ભાજપના સભ્યોની કોઈ રજુઆત સંગઠ્ઠન દ્વારા સાંભળવામાં ના આવતાં સપ્ત નારાજગી સભ્યોમાં પ્રવર્તી રહી છે તેમજ હવે કેવી વ્યુહરચના અપનાવવી તેને લઈ મંથન શરૂ કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

ધાનેરા - થરાદ માર્ગ પર ટ્રક અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત : પાંચનાં મોત

લાખણી તાલુકાના ભાકડીયાલ તેમજ જડિયાળ ગામના વતની ધાનેરાથી પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા

પાલનપુર, તા.૧૬

બનાસકાંઠામાં રવિવારની વહેલી સવારે થયેલા ગમખ્વાર અકસ્માતમા પાંચ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ધાનેરાથી થરાદ જતા હાઈવે પર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો અકસ્માતમાં ૫ લોકોના મોત નિપજ્યા છે. ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. જ્યારે બે લોકોના સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. એક સાથે પાંચ લોકોના મોત થતા ધાનેરા તેમજ થરાદ પંથકના વિસ્તારમાં શોકનો માહોલ ફેલાયો છે.

બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. આજે વધુ એક અકસ્માતમાં પાંચ લોકો મોતને ભેટ્યા છે. સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો, મોડી રાત્રે ધાનેરાથી થરાદ તરફ જતા પાવડાસણ ગામ પાસે ટ્રક અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં અલ્ટો કારમાં બેઠેલા સાત પૈકી પાંચ લોકોના કરૂણ મોત થયા. લાખણી તાલુકાના ભાકડીયાલ તેમજ જડિયાળ ગામના વતની ધાનેરાથી પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન રાત્રિના અંધકારમાં ટ્રેક્ટર ન દેખાતા અલ્ટો કાર ટ્રેક્ટરના ટ્રોલી પાછળ ઘૂસી હતી. પૂર ઝડપે સર્જાયેલા અકસ્માતમાં અલ્ટો કારમાં બેસેલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા પાંચ લોકોના મોત થયા છે.

તમામ મૃતદેહોને ધાનેરા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે. મૃતકો પૈકી ત્રણ પુરૂષ જ્યારે બે બાળકોના મોત થયા છે. એક સાથે પાંચ લોકોના મોત થતાં ઠાકોર સમાજમાં માતમનો માહોલ ફેલાયો છે. કાંકરેજ તાલુકાના બારીયા ચામુંડા માતાજીના મંદિર આગળ થરા-ખારીયા હાઈવે પર ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલકનું મોત થયું હતું. આ ઉપરાંત હિંમતનગરમાં શારદાકુંજ સોસાયટી નજીક બીજી એક અકસ્માતની ઘટનામાં બાઈક સ્લીપ થતાં યુવકનું મોત થયું હતું.

મૃતકોના નામ

ગેમરજી ઠાકોર : ૫૫ વર્ષ
રમેશભાઈ ઠાકોર : ૩૫ વર્ષ
અશોકભાઈ ઠાકોર : ૩૦ વર્ષ
ટીપું ઠાકોર : ૭ વર્ષ
શૈલેષ ઠાકોર : ૨ વર્ષ

કોન્સ્ટેબલ જ દારૂની ગાડીનું પાયલોટિંગ કરતા ઝડપાયો

દાહોદ જિલ્લો રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદે આવેલો જિલ્લો છે ત્યારે બંને રાજ્યોમાંથી વિદેશી દારૂનો જથ્થો વિપુલ પ્રમાણમા ગુજરાતમાં ઘુસાડવામાં આવતો હોય છે પોલીસ સતત આ મામલે પેટ્રોલીંગ અને નાકાબંધી કરી અનેકવાર દારૂનો જથ્થો ઝડપી પાડતી હોય છે તેમછતાં બુટલેગરો અવનવા કીમિયો દ્વારા દારૂ ઘુસાડવામાં સક્રિય રહેતા હોય છે ત્યારે આજે ખુદ પોલીસ કોન્સ્ટેબલ જ દારૂની ગાડીનું પાયલોટિંગ કરતા ઝડપાઈ જતા ખળભળાટ મચી ગયો છે. ઝાલોદ પોલીસે રાજસ્થાન અને ગુજરાતની સરહદ ઉપર રાજસ્થાન તરફથી આવતી બોલેરો ગાડીને રોકવાનો પ્રયાસ કરતા બોલેરોમાં સવાર બે ઈસમો પોલીસની ગાડીને ટક્કર મારી ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો અને દારૂની ગાડીનું પાયલોટિંગ કરી રહેલા કોન્સ્ટેબલે પોતાની કાર વડે પોલીસને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

માઉન્ટ આબુમાં કાશ્મીર જેવો માહોલ : માઇનસ ૫ ડિગ્રીમાં પ્રવાસીઓ ઠૂંઠવાયા

માઉન્ટ આબુના અનેક વિસ્તાર-ગાર્ડનમાં, પાણીના કુંડ, ગાડીઓ અને બગીચાઓમાં બરફ છવાયો. સતત ચાર દિવસથી પડી રહેલી ઠંડીના કારણે માઉન્ટ આબુમાં જનજીવન ઉપર પણ અસર બનાસકાંઠાની અડીને આવેલા રાજસ્થાન હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન ગગાડતાં માઈનસ ૫ ડિગ્રીએ પહોંચ્યું છે. જેમાં પાણીના કુંડ, ગાડીઓ અને બગીચામાં બરફ છવાયો હતો. જોકે માઇનસ તાપમાનમાં પણ સહેલાણીઓ માઉન્ટ આબુની ઠંડીનો અનેરો અહેસાસ માણી રહ્યા છે. આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી નો અહેવાલ પાલનપુર થી જણાવે છે કે, છેલ્લા બે અઠવાડિયાથી શિયાળો પુર બહારમાં છે અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે કાતિલ ઠંડી પડી રહી છે.

ગાંધીનગર તાલુકાના મોટા ઈસનપુર ગામના મોટા તળાવમાં બાવળના એક વૃક્ષ પર બગલો ફસાઈ જવા પામ્યો હતો. આ બગલાને બચાવવા બેજુબાન ચેરીટેબલ ટ્રસ્ટની ગાંધીનગરની ટીમ તથા પાટનગરની ફાયરબ્રિગેડ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરેલા ઓપરેશનમાં આશરે એક કલાકની જહેમત બાદ સલામત રીતે બચાવવામાં સફળતા મેળવી હતી. આ કાર્યમાં જોડાયેલા સ્વયંસેવકો તથા ફાયરકર્મીઓનો ઈસનપુર મોટા ગામના ગ્રામજનોએ એક અબોલ પક્ષીનો જીવ બચાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

પોલીસ કર્મચારીઓ માટે વર્ષે ૫૦૦૦ આવાસ માટે ૧૦૦૦ કરોડ રૂપિયા જોઈએ

રાજ્યમાં ૪૯ ટકા પોલીસ કર્મચારીઓને સરકારી આવાસ મળ્યા છે, જમીન ઓછી હોવાથી હવે એપાર્ટમેન્ટ બનાવવાનો નિર્ણય

ગાંધીનગર

ગુજરાતમાં વિવિધ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને સરકારી આવાસમાં હજી પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવાસની ગુણવત્તા અને કક્ષામાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં રાજ્યના ૫૧ ટકા પોલીસ કર્મચારીઓને હજી રહેણાંકના આવાસ આપી શકાયા નથી. હવે જમીન ઓછી હોવાથી પોલીસ આવાસ નિગમે એપાર્ટમેન્ટ બનાવવાના શરૂ કર્યા છે. ગુજરાત પોલીસ આવાસ નિગમ વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે રહણાંકના આવાસ બનાવે છે. આ નિગમે અત્યાર સુધીમાં ૪૭૩૮૦ આવાસો તૈયાર કરીને પોલીસ કર્મચારીઓને રહેવા માટે આપ્યાં છે તેમ છતાં હજી પણ ૪૮૭૬૬ જેટલા આવાસ બનાવવાના બાકી છે.

નિગમના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસ કર્મચારીઓ માટે વર્ષે ૫૦૦૦ આવાસ બનાવવા માટે અમને ૧૦૦૦ કરોડ રૂપિયાન આવશ્યકતા રહે છે. જો સમયસર ગ્રાન્ટ મળતી રહેશે તો અમે વર્ષે ટારગેટ પ્રમાણેના આવાસ બનાવી શકીએ તેમ છીએ.

નિગમે અત્યાર સુધી પોલીસ આવાસ માટે ૪૩૫૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે તેમ છતાં ૪૯ ટકા પોલીસ કર્મચારીઓને રહેવા માટેના આવાસ આપી શકાયા છે. હાલમાં નિગમ દ્વારા ૧૦૦૯૪ રહેણાંક આવાસો તેમજ ૫૮૧ બિન રહેણાંક આવાસ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે જેનો અંદાજીત ખર્ચ ૩૦૩૯ કરોડ રૂપિયા થવાની ધારણા છે.

પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને પહેલાં વન બીએચકેના આવાસ આપવામાં આવતા હતા તે હવે ટુબીએચકેના કરવામાં આવ્યા છે, જ્યારે પોલીસ સબ ઈન્સ્પેક્ટરના આવાસ પહેલાં ટુબીએચકેના હતા તેને થ્રી બીએચકેના કરવામાં આવ્યા છે. જો કે હવે બહુમાળી એપાર્ટમેન્ટ બનાવવાની સ્કીમ શરૂ કરી છે.

દૂધસાગર ડેરીએ એક વર્ષમાં ૨૦૮ કરોડનું દેવું ઓછું કર્યું

મહેસાણા, તા. ૧૬

મહેસાણા દૂધસાગર ડેરી સંકલન સમિતિની બેઠકમાં પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિતીનભાઈ પટેલે દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરીનો વહીવટ એ સુશાસનનુ ઉત્તમ ઉદાહરણ ગણાવી જણાવ્યું હતું કે અશોકભાઈ સંગઠનમાંથી આગળ આવ્યા છે. એક વર્ષમાં એમણે આટલું આપ્યું છે. હજુ ચાર વર્ષ બાકી છે. નરેન્દ્રભાઈનું ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય છે. ૩૦૦ કરોડની આવક વધી એ કંઈ નાની વાત નથી. અશકિંતા અને બીન જરૂરી ખર્ચો બચાવ્યો. કર કસર કરી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન વહીવટ કરવાની કુનેહ જોવા મળી. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, ધારાસભ્યોમાં રમણભાઈ પટેલ, અજમલભાઈ, કરશનભાઈ, જિલ્લા ભાજપના પ્રમુખ જશુભાઈ પટેલ, ડીસ્ટ્રીક્ટ બેન્કના ચેરમેન વિનોદભાઈ પટેલ, અન્ય આગેવાનો, ડેરીના ડીરેક્ટરો હાજર રહ્યા હતા. ડેરીનો એક વર્ષ પૂર્ણ ૨૦૮ કરોડનું દેવું ઓછું કર્યુ- મહેસાણા દૂધસાગર ડેરીમાં સત્તા પરિવર્તનને એક વર્ષ પૂર્ણ થતાં આજે દૂધસાગર ડેરી હોલ ખાતે સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી... દૂધસાગર ડેરીમાં શાસન પરિવર્તનના એક વર્ષ પૂર્ણ અને નવીન ચેરમેન અશોક ચૌધરીના શાસનમાં એક વર્ષમાં કરેલા પશુપાલકો લક્ષી કામોના લેખાજોખા બેઠકમાં રજૂ કરાયા હતા... જેમાં સૌથી મહત્વનું દૂધસાગર ડેરીના ઈતિહાસમાં પ્રથમવાર પાંચ જાન્યુઆરીએ એક જ દિવસમાં ૨૪.૯૫ લાખ લીટરની સૌથી વધુ આવક નોંધાઈ છે. પશુપાલકોને પ્રોત્સાહિત કરવા ૬ અને ૬.૫ ટકાના દરે પશુ ખરીદી લોન અને તેના માટે ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે... તો વળી ૨૦૮ કરોડની દૂધસાગર ડેરી લોનમાં ઘટાડો થયો છે... આ સાથે દૂધસાગર ડેરીએ ભેળસેળ અટકાવવા માટે પ્રથમ તબક્કામાં ૫૦૦ જેટલી દૂધ મંડળીઓમાં દૂધ ભેળસેળ ચકાસણી મશીનો મુકવાનો બેઠકમાં પશુપાલકો અને ગ્રાહકો સહિત ડેરીના હીતમાં નિર્ણય કરવામાં આવ્યો છે... તેમ અશોક ચૌધરીએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ઓક્ટોબરના અંત સમયમાં ચૂંટણી તારીખની જાહેરાત થવાની સંભાવના

સરકાર બજેટ મોડમાં, વહેલી ચૂંટણીની અટકલો પર પૂર્ણવિરામ, ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૨૦૨૨ની ચૂંટણી લડાશે

ગાંધીનગર

દેશના પાંચ રાજ્યોની ચૂંટણીની તારીખ જાહેર થતાંની સાથે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી વહેલી યોજવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકાઇ ગયું છે. હવે નિર્ધારિત સમયે ચૂંટણી થવાની છે તેથી ચૂંટણીની તારીખ ઓક્ટોબરના અંત સમયમાં જાહેર થાય તેવી સંભાવના છે.

વાયબ્રન્ટ સમિટ મોકુફ રહ્યા પછી હવે સરકાર બજેટ મોડમાં આવી ચૂકી છે. રાજ્ય વિધાનસભાનું સત્ર ફેબ્રુઆરીના મધ્યમાં યોજાય તેવા અણસાર હોવાથી સરકારનું વહીવટી તંત્ર અત્યારે ચૂંટણીલક્ષી બજેટની રચનામાં વ્યસ્ત છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર ૨૦૨૨માં થશે તે નિશ્ચિત બની ચૂક્યું છે. રાજ્યમાં હાલના તબક્કે મતદારોની સંખ્યા ૪.૪૮ કરોડ છે જે ગઇ ચૂંટણીમાં ૪.૩૫ કરોડ હતી. એટલે કે પાંચ વર્ષમાં ૪૯.૨૫ લાખ મતદારો વધ્યાં છે જે પૈકી ૧૮ થી ૧૯ વર્ષના ૬.૫૧ લાખ મતદારોને પ્રથમવખત મતદાન કરવાનો અધિકાર મળ્યો છે.

૨૦૧૭માં ભારતના ચૂંટણી પંચે ૨૫મી ઓક્ટોબરે ચૂંટણીની જાહેરાત કરી હતી જે ૯ અને ૧૪ ડિસેમ્બરે બે તબક્કામાં યોજાઇ હતી. ઉમેદવારી પત્રો ભરવાનું ૧૪મી નવેમ્બરે શરૂ કરવામાં આવ્યું હતું અને ચૂંટણીનું પરિણામ ૧૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ૧૮૨ બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી.

ગુજરાતમાં ૨૦૧૭માં જ્યારે વિધાનસભાની ચૂંટણી થઇ હતી ત્યારે મતદારોની સંખ્યા ૪,૩૫,૪૬,૯૫૬ હતી જે પૈકી ૨,૨૬,૭૧,૪૪૯ પુરૂષ અને ૨,૦૮,૭૪,૮૦૫ મહિલા મતદારો હતા. ૨૦૨૨માં જ્યારે વિધાનસભાની ચૂંટણી થશે ત્યારે જાન્યુઆરી ૨૦૨૨ની સ્થિતિએ કુલ મતદારોની સંખ્યા ૪,૮૪,૭૨,૭૬૪ થઇ છે.

ગુજરાતની ચૂંટણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં લડવામાં આવશે. ૨૦૧૭ની ચૂંટણી વિજય રૂપાણીના નેતૃત્વમાં લડાઇ હતી ત્યારે ભાજપને ૯૯ બેઠકો મળી હતી જ્યારે નરેન્દ્ર મોદીએ પ્રથમવાર ૨૦૦૨ની ચૂંટણી લડી ત્યારે ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો મળી હતી, ત્યારબાદ ૨૦૦૭માં ભાજપને ૧૧૭ અને ૨૦૧૨માં ભાજપને ૧૧૫ બેઠકો મળી હતી.

રિકવરી રેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાવધાની પણ એટલી જ જરૂરી હોવાનું તંત્રના સૂત્રો સ્વીકારી રહ્યા છે. શહેર-જિલ્લામાં આ વખતે કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે જે તંત્ર માટે પણ ચિંતાનો વિષય છે. ખાસ કરીને મહિલાઓ અને બાળકો સંક્રમિતો વધુ થઈ રહ્યા છે. ત્યારે સાવધાની સૌ રાખે તેવી અપીલ તંત્ર કરી રહ્યું છે.

૨૦૩ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંડાલમાં ૪ વર્ષની દિકરી, પાલજમાં ૧૦ વર્ષની દિકરી, સરગાસણમાં ૪ વર્ષની દિકરી, પેથાપુરમાં ૧૦ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૪ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૬ વર્ષની દિકરી, સરગાસણમાં ૮ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૮ વર્ષની દિકરી, સે. ૨૭માં ૧૦ વર્ષનો દિકરો, ૧૦ વર્ષની દિકરી, સે. ૧ માં ૧૦ વર્ષનો દિકરો અને પાલજમાં ૫ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ જણાયુ છે. શહેરમાં બાળ દર્દીઓ વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જ વધુ કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ પર ભાર મુક્યો છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૧૧, સરગાસણમાં ૨૦, રાંદેસણમાં ૯, વાવોલમાં ૭, પેથાપુરમાં ૧૪, ખોરજમાં ૪, કોબામાં ૬, પાલજમાં ૪, રાયસણમાં ૩, સુઘડમાં, ભાટમાં ૨-૨, ધોળાકુવા-બોરીજમાં ૧-૧ કેસ નોંધાયો છે.

શહેરના સે. ૨૬માં ૭, સે. ૨ માં ૧૩, સે. ૧૨ માં ૭, સે. ૨૭માં ૧૧, સે. ૨૪ માં ૧૨, સે. ૪ માં ૭, સે. ૧૯ માં ૩, સે. ૬ માં ૪, સે. ૭ માં ૧૦, સે. ૨૧માં ૮, સે. ૩, ૬ માં ૪-૪ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાના કેસો વધ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૩૫૦ જેટલી થવા જાય છે. જ્યારે ૭૦૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં આજે પણ ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. શહેરનો પોઝીટીવીટી રેટ ૧૫ ટકાની નજીક નોંધાયો છે.

શહેરમાં આજે ૧૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં છેલ્લા ૪ દિવસમાં જ ૩૦૦થી વધુ દર્દીઓ રિકવર થયા છે અને રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. શહેરમાં આ વખતે કેસો વધ્યા છે પણ હજુ હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે જે એક રાહતરૂપ છે.

શહેરના આર્થિક હૃદયસમા સે. ૨૧, ૨૨, ૨૪, સે. ૨, ૭ માં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જો કે અમદાવાદ સાથે વધુ સંકળાયેલા કુડાસણ, સરગાસણમાં પણ જે રીતે કેસો વધ્યા છે તે પણ ચિંતાજનક છે.

૬૧ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકાના રામપુર અને હાલીસામાં આજે કેસો નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના શિહોલીમાં બે કેસ, છાલામાં બે કેસ, ચંદ્રાલા, ધણપ, શાહપુર, ગિયોડ, રૂપાલમાં એક-એક કેસ નોંધાયેલ છે. ૭ કેસ બી.એસ.એફ. ચિલોડામાં, એક કેસ એરફોર્સમાં નોંધાયો છે. તો ૬ કેસ અડાલજમાં નોંધાયા છે.

કલોલમાં ગ્રીનવેલી બોરીસણમાં એક કેસ નોંધાયો છે. ૩ કેસ પંચવટી કલોલમાં એક જ પરિવારમાં નોંધાયા છે. એક કેસ નિર્મિત ક્રિસ્ટલમાં નોંધાયો છે. હાજીપુર કલોલમાં એક કેસ નોંધાયેલ છે. એક કેસ પંચવટીમાં નોંધાયો છે. ૪ કેસ કલોલ અર્બન-૧ વિસ્તારમાં નોંધાયા છે. ૧૨ કેસ કલોલ અર્બન-૨ વિસ્તારમાં નોંધાયા છે. ગોલથરા, ડીંગુચા, ભાદોલ, વાંસજડા, રકનપુર, વાયણામાં એક-એક કેસ નોંધાયેલ છે.

માણસા તાલુકામાં ઈટાદરા ખાતે બે કેસ, પુંધરામાં બે કેસ અને એક કેસ વેડામાં નોંધાયેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૭૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૩૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

ઠંડીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે લઘત્તમ તાપમાન ૧૨. ૨ ડીગ્રી રહ્યુ હતુ જે ગઈકાલની સાપેક્ષમાં ૫ ડીગ્રી નીચે સરકી ગયુ છે. અલબત્ત ઠંડી ઘટી છે. જયારે મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ છે. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ છે. આજે સવારે વાતાવરણમાં ૭૮ ટકા અને સાંજે ૫૨ ટકા ભેજ રહ્યો હતો જે ગઈકાલની સાપેક્ષમાં વધુ છે. જો કે હવામાન નિષ્ણાંતોના મતે આગામી ચાર પાંચ દિવસમાં ફરી એકવાર વાતાવરણ પલ્ટો જોવા મળશે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસશે ત્યારબાદ ઠંડીનુ જોર વધે તેવી પણ સંભાવના છે. જો કે હાલ લાંબા સમયના અંતે ઠંડીનો મિજાજ હળવો થતા નગરજનોએ પણ રાહત અનુભવી છે. જો કે હજુ પણ સાંજ ઢળતા આકરી ઠંડી અનુભવતા નગરજનો હાલ કોરોના અને ઠંડીના કહેરથી બચવા માટે બહાર નિકળવાનુ પસંદ કરતા નથી.

ફ્લૂ તરીકે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, જો બિનજરૂરી રીતે સ્ટીરોઈડ કે ઝીંક જેવી દવા કોઈ લે તો ભવિષ્યમાં મ્યુકોરમાઈકોસીસ જેવી ગંભીર બીમારીનો ભોગ બનવાની શકયતા છે. સેલ્ફ મેડિટેશન હાલ લોકો ના કરે એ અપીલ કરું છું નહીં તો એના પરિણામ ઘાતક આવી શકે છે. હાલ તમામ ઘરોમાં શરદી, ખાંસી, તાવના લક્ષણો સાથે લોકો કોરોનાનો ટેસ્ટ કરાવી રહ્યા છે જેને લઈને કેન્દ્ર સરકાર પણ ચિંતિત છે, કેમકે તમામ કિસ્સાઓમાં કોરોના પોઝિટિવ જ હોવું એ જરૂરી નથી જેના જવાબમાં ડોકટરે કહ્યું કે અત્યારે ૩ વાયરસ એક સાથે જોવા મળી રહ્યા છે. કોરોના, ઈન્ફ્લુએન્ઝા, રેસ્પીરેટરી વાયરસ અત્યારે આપણી વચ્ચે છે, કોરોના સિવાય અન્ય વાયરસ શિયાળાની સીઝનમાં સામાન્ય રીતે જોવા મળે જ છે. અત્યારે જે મુજબ ઓમિક્રોનનું સંક્રમણ ફેલાયું છે એ જોતાં ૫ માંથી ૪ લોકો કોરોના સંક્રમિત થવાની શક્યતા છે, જો કે હાલ સાદો ફ્લૂ પણ ખૂબ જોવા મળી રહ્યો છે. જો લક્ષણો હોય તો લોકો ટેસ્ટિંગ કરાવે તો આઈસોલેટ થવા અંગે ખ્યાલ આવશે, અને પરિવારમાં અન્ય લોકોને સુરક્ષિત રાખી શકાશે તેમજ કોરોનાને વધતો અટકાવી શકાશે. પરંતુ શરદી, ખાંસી અને સામાન્ય તાવ આવે એટલે લોકો ટેસ્ટિંગ માટે લાઈન લગાવી રહ્યા છે ત્યારે ઝસ્ઈ એ આપેલી ગાઈડલાઈન ફોલો કરવાની જરૂર છે. ઝસ્ઈ એ ''''નોટ ટુ બી ટેસ્ટડ'''' ના સ્લોગન સાથે ગાઈડલાઈન જાહેર કરી છે, કોઈ પાસે પૈસા હોય એટલે ટેસ્ટ કરાવીએ એ ખોટું છે, આઈસોલેશન બાદ સ્વસ્થ થઈએ એટલે ફરી ટેસ્ટ કરાવવાની જરૂર નથી. કોરોના પોઝિટિક વ્યક્તિના કોન્ટેક્ટમાં આવ્યા હોઈએ અને કોઈ લક્ષણ ના હોય તો ટેસ્ટ કરાવવાની જરૂર નથી, કોમ્યુનિટીમાં લક્ષણો ના હોય એવા લોકોના જે ટેસ્ટિંગ થાય છે એને રોકવા જોઈએ, જેથી જેને જરૂર છે એનું ટેસ્ટિંગ સરળતાથી થઈ શકે.